આણંદ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજના રીન્યુએબલ એનર્જી વિભાગ દ્વારા ""**સૂર્ય ઊર્જાની ખેતીમાં ઉપયોગિતા**"વિષય પર તા. ૨૮/૧૧/૨૦૧૬ ના રોજ એક દિવસિય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો જેમાં કાલોલ તેમજ મોરવા હડપ તાલુકાના અંદાજીત ૫૪ જેટલા ખેડુતો હાજર રહ્યા હતા.. કાર્યક્રમ ની શરૂઆત દીપપ્રાગટ્ય તથા પધારેલ મહેમાનોને પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.




ડૉ.આર.સુબૈયા, આચાર્ય અને ડીનશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા, ડૉ. આર સ્વર્ણકાર વડાશ્રી, એફએમપી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા એ મહેમાનો તથા

પધારેલ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. તેમજ કેલેજના આચાર્ય અને ડીનશ્રી ડૉ.આર.સુબૈયાએ તાલીમાર્થીઓને ગુજરાત સરકારની ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓથી માહિતગાર કર્યા તથા ઉર્જાના વિવિધ સ્ત્રોતોનું કરકસરપૂર્વક ખેતીમાં ઉપયોગની ખુબ જ સારી સમજણ આપી.






આ તાલીમમાં “સોલર કૂકરનું મહત્વ અને તેની ઉપયોગિતા” ના વિષય પર ડો. પંકજ ગુપ્તા, વડાશ્રી આરઈ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા, “સોલર પમ્પિંગ અને લાઈટિંગ સિસ્ટમ” તથા “સોલર સુકવણી યંત્ર દ્વારા ખેત પેદાશોની સુકવણી” પર ડો. ડી. કે. વ્યાસ, સહ પ્રાધ્યાપક, આરઈ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા, તેમજ “ ખેતીમાં ઉર્જાની બચત” વિષય પર ઈજ. જગદીશ ચાવડા, એસ. આર. એ., આરઈ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા એ વ્યાખ્યાન આપ્યા. તદ્ઉપરાંત તાલીમાર્થીઓને લેબોરેટરીમાં સૂર્ય ઊર્જા દ્વારા ચાલતા બધા સાધનોનું પ્રાયોગિક નિરીક્ષણ કરાવવામાં આવ્યું.

તાલીમના અંતે ડો. ડી. કે. વ્યાસ, દ્વારા આમંત્રિત મહેમાનો, ખેડુતો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.